# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref No. PN 2024-25/069 Dt. 25/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ ખાતે ભારતના ટેક્ષ્ટાઇલ મંત્રાલયના જોઇન્ટ સેક્રેટરી શ્રી અજય ગુપ્તા (IAS) સાથે ઉદ્યોગકારોની મિટીંગ મળી

### ટેક્ષ્ટાઇલ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી શ્રી અજય ગુપ્તા (IAS)એ પીએમ મિત્રા પાર્કને ઝડપથી સાકાર કરવા માટે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે શનિવાર, તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી શ્રી અજય ગુપ્તા (IAS) સાથે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોની મિટીંગ મળી હતી.

ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી ઉપરાંત ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ફિઆસ્વીના ચેરમેન શ્રી ભરત ગાંધી, ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકાર સુરેશ પટેલ, શ્રી રમન મેગોટીયા વિગેરે ઉદ્યોગકારો મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ટેક્ષ્ટાઇલ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી શ્રી અજય ગુપ્તા (IAS)ને આવકાર્યા હતા અને સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી વિશે માહિતી આપી હતી. ટેક્ષ્ટાઇલ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી શ્રી અજય ગુપ્તા (IAS)એ સુરતના નવસારી નજીક સ્થપાનાર પીએમ મિત્રા પાર્કને ઝડપથી સાકાર કરવા માટે ઉદ્યોગકારો સાથે વિવિધ પાસાઓ સંદર્ભે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી.